અગત્યનું

પ્રવેશ બાબત

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૯૦૪
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: ૭/૯/૨૨
સહી:

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4218-54
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/09/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-11માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :-1. બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/1445-85, તા.01/06/2020.

2. અત્રેની કચેરીના ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/2083-2100, તા. 11/08/2020.

3. બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3425-66, તા.01/07/2021.

4. અત્રેની કચેરીના ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4177-4211, તા.02/09/2021.

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ દર્શિત અત્રેની કચેરીના પત્રોથી ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ જણાવવામાં આવેલ છે. સંદર્ભ-3 દર્શિત પત્રની સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 65 બોર્ડની યાદી મોકલી આપવામાં આવેલ હતી.

અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવા અંગેના અત્રેના સંદર્ભ દર્શિત પત્ર-1 અને 3 માં નીચે મુજબની વિગતો સ્પષ્ટપણે જણાવેલ છે.

"ધોરણ-11માં પ્રવેશ મેળવવા ઇચ્છતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવાનુ બોર્ડની શૈક્ષણિક અને કારોબારી સમિતિ દ્વારા ઠરાવવામાં આવેલ છે. જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ તેના પ્રમાણપત્રોની ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે."

D:\TFIAS\I.M.V\GOBSE • Samkaxta\સમકક્ષતા પ્રમાણપત્ર 2021\સમકક્ષતા પત્ર 03.09.21.docx

અત્રેની કચેરીના સંદર્ભ-2 દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે કે CBSE બોર્ડમાંથી મેથેમેટિક્સ બેઝિક સાથે ધોરણ-10 પાસ કરનાર કોઈપણ વિદ્યાર્થીને ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાશે નહિ. ઉક્ત બાબત અત્રેની કચેરીના સંદર્ભ-4 દર્શિતપત્રથી પુનઃ જણાવેલ છે.

આમ છતાં કેટલીક શાળાઓ દ્વારા અન્ય બોર્ડના વિદ્યાર્થીને ધોરણ-11માં કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબતે વિલંબ કરવામાં આવે છે. કેટલીક વખત અન્ય બોર્ડના વિદ્યાર્થીને ધોરણ-11માં પ્રવેશ આપ્યા બાદ તે વિદ્યાર્થીને ધોરણ-12માં પણ આવી જાય અને બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાનો સમય આવી જાય ત્યાં સુધી શાળાઓ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી આ અંગે ઘણા વહીવટી પ્રશ્નો ઊભા થાય છે. કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા માટે યોગ્ય નહિ હોવા છતાં પણ શાળાઓ દ્વારા બોર્ડના પરિપત્રોની જોગવાઈઓને ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને ધોરણ-11માં પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત, "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા માટેની દરખાસ્ત પણ વિલંબથી કરવામાં આવે છે. આવી બાબતોમાં શાળાની ક્ષતિ કે બેદરકારીને કારણે ક્યારેક વિદ્યાર્થીએ ભોગવવું પડે છે. શાળામાં વિદ્યાર્થીને નિયમાનુસાર પ્રવેશ આપવાની સત્તા અને જવાબદારી શાળાના આચાર્યની ગણાય છે. જેથી વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગે શાળા દ્વારા કોઈ પણ પ્રકારનો નિયમભંગ કરેલ હોય તો તે માટે શાળાના આચાર્યની જવાબદારી બને છે.

ઉક્ત વિગતો ધ્યાને લઈને આપના તાબાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતી વખતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974, આ અંગેના ઠરાવો, નિયમો તેમજ પરિપત્રોની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તેમજ સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તે માટે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી જાણ કરશો.

પરિપત્ર નં. 757

ક્રમાંક:પરીક્ષા/પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૬/૦૯/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ-અમરેલી